જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૭/૨૦૧૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી ૭૯ લીટર દેશી, ૫૪૧ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૬૮ બીયરટીન અને ૦૧ બોલેરો કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા મુજબ ૦૩ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૧૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૫૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૩ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૨/૧૬**

**સરદારનગરઃ** સુમનબહેન રામનયન કોરી (ઉ.વ.૧૮) (રહે.સંતોષીનગર ભૈયાજીની ગલી કેતન સોસાયટી ની બાજુમાં કુબેરનગર સરદારનગર) ને તા.૨૦/૭/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી સહઆરોપી સંદિપ બલેશ્વર કોરી (રહે.રબારીની ચાલી સુભાષનગર નોબલનગર) ની મદદગારીથી આરોપી રાજેશ (રહે.ગામ સરયા તાલુકો ગોસાઈ જીલ્લો ફૈજાબાદ યુ.પી.) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સુમનબહેનના પિતા રામનયન કોરીએ તા.૨૪/૭/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી આર પટેલ ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૩/૧૬**

**સાબરમતી** : ધનલક્ષ્મીબહેન રમેશભાઇ રાઠોડ (રહે.નવી ચાલી, મહાદેવનાં મંદિર પાસે, કબીરચોક, સાબરમતી) એ તા.૨૪/૭/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઘર નજીક રહેતાં આરોપી (૧) બીપીન મનોજભાઇ સોલંકી (૨) માયાબહેન મનોજભાઇ સોલંકી અને (૩) હસમુખ મનોજભાઇ સોલંકી નાઓએ ભેગામળી ધનલક્ષ્મીબહેનની પુત્રી ચેતના (ઉ.વ.૨૦) ની ઉતારેલ ક્લીપીંગ અને ફોટા ફરતાં કરી, સમાજમાં બદનામ કરી નાંખવાની ધમકી આપતાં, ચેતનાને મનમાં લાગી આવતાં, તા.૨૪/૭/૧૬ સાંજનાં ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાનાં ઘરે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૩૫૪/૧૬</u>

**રિવરફ્રન્ટ "વેસ્ટ" : મહેશભાઇ બધાભાઇ સારેલીયા (ઉ.વ.૪૯)(રહેશૈલેષપાર્ક, દયાલપાર્કની બાજુમાં, જીવરાજપાર્ક) એ પોતાની માનશીક બીમારીથી કંટાળી જઇ** તા.૨૪/૭/૧૬ ના કલાક ૧૦/૨૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે આંબેડકરબ્રીજનાં પશ્ચીમ કિનારે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે **રિવરફ્રન્ટ "વેસ્ટ"** પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હર્ષદભાઇ માવજીભાઇ ચલાવે છે.

**રિવરફ્રન્ટ "ઇસ્ટ" : રાજેશ ઉર્ફે રાજુ ચુનીલાલ ઠાકોર (ઉ.વ.૪૦)(રહે, અહેમદહુસેનની ચાલી, પ્રેમ દરવાજા બહાર) એ કોઇ અગમ્ય કારણસર** તા.૨૪/૭/૧૬ બપોરના ૩/૧૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે રીવરફ્રન્ટ સુભાષબ્રીજ વોક-વે નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે **રિવરફ્રન્ટ "ઇસ્ટ"** પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઇ ગણપતભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)